સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોઆર્થિક રીતે પછાતવર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતિ જાતિની વ્યકિતઓને સ્વરોજગારી માટે નાણાંકીય સહાય અંગેની માનવ ગરીમા યોજનાની અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૦૭/૩૬૭/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭/૩/૨૦૦૮

વંચાણે લીધા:-

27 MAR 2008

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ-૧૪૯૯-ન.બા.૯-અ તા.૯/૫-૨૦૦૦

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ-૧૦૨૦૦૦/૫૮૩/ગ તા.૬/૨/૨૦૦૪

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ-૧૪૯૯-ન.બા.૯ /૧૩૮૨(૪)-અ તા.૨૮/૧૨/૨૦૦૪

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૦૭/૯૫૧/અ તા.૨૭/૭/૦૭

ઠરાવ:-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતિ જાતિના ઈસમોને સ્વરોજગારી માટે નાણાંકીય સહાય આપવા માટેની માનવગરીમા યોજના ઉપર જણાવેલ ઠરાવોથી અમલમાં છે. હાલમાં ઉપર ક્રમાંક: ૩ માં દર્શાવેલ સરકારશ્રીના તા.૨૮/૧૨/૨૦૦૪ ના ઠરાવમાં જણાવ્યા મુજબ આ યોજના હેઠળ પસંદ થયેલ વ્યવસાયો માટે રોકડ સહાયના બદલે રૂા.૩૦૦૦/- ની મર્યાદામાં ટુલ્સકીટ/સાધનો આપવાની યોજના અમલમાં છે.

૨. પ્રસ્તુત બાબતમાં સરકારશ્રીએ કાળજી પૂર્વકની વિચારણાને અંતે, સને.૨૦૦૭- ૨૦૦૮ ના નાણાંકીય વર્ષ પુરતુ માનવ ગરીમા યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતિ જાતિના ઈસમોને ટુલ્સકીટ/સાધનો ખરીદીને આપવાને બદલે, રોકડેથી ચૂકવણી કરવાનુ ઠરાવેલ છે.

૩. ગુજરાત પછાત વર્ગવિકાસ નિગમે સરકારની ઉપર્યુકત સૂચનાઓને અનુલક્ષીને ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધીમાં તમામ લાભાર્થીઓને યોજનાનો લાભ મળી જાય અને યોજનાનો હેતુ બર આવે તે માટે જરુરી આયોજન ગોઠવવું.

૪. આ સિવાયની યોજનાની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

→

682

૫. આ હુકમો આ વિભાગના ફાઈલ ક્રમાંક:અજાક/૧૩૦૭/૧૪૯૧/ગ પર નાણા વિભાગની તા.૨/૨/૦૮ ની નોંધથી થયેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બકુલ શાહ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
–માન.મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
– અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
–મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગવિકાસ નિગમ, ગાંધીનગર
–નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર
–એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
–નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–નાણાંકીય સલાહકારશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
–નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
–સર્વે જિલ્લા કલેકટરશ્રી,
–સર્વેજિલ્લા વિકાસ અધિકારીશ્રી
–સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
–સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)
–સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
–વિભાગના સર્વેઅધિકારીઓ
–સિલેકટ ફાઈલ.
ટીઆરવી–૦૭–૮૯